| | | | | |
|---|---|---|---|---|
| **રજુ તારીખ** | :: | ૨૦.૦૫.૨૦૨૬ | | |
| **દાખલ તારીખ** | :: | ૨૦.૦૫.૨૦૨૬ | | |
| **નિકાલ તારીખ** | :: | ૧૮.૦૭.૨૦૨૬ | | |
| **અવધિ** | :: | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | ૦૦ | ૦૧ | ૨૯ |

सत्यमेव जयते

**મહેરબાન વિસાવદરના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી બી.એચ.ભટ્ટ સાહેબની કોર્ટમાં, મું: વિસાવદર જી.જુનાગઢ.**

**ફોજદારી કેસ નં.: ૨૪૪/૨૦૨૬**

**આંક –૧૩.**

**વિસાવદર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૦૩૦૭૦૨૬૦૧૫૬/૨૦૨૬**

ફરીયાદી : શ્રી સરકાર

**<u>વિરૂધ્ધ</u>**

આરોપી : જસ્મીનભાઈ બેચરભાઈ મુંગલપરા,
ઉ.વ. ૩૦,ધંધો : ખેતીકામ,
રહે.લેરીયા ગામ,
તા.વિસાવદર,જી.જુનાગઢ.

**:: નમુનો–અ ::**

| | |
|---|---|
| **મહેરબાન વિસાવદરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ:વિસાવદર.** | |
| ચુકાદાની તારીખ | ૧૮–૦૭–૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | ૨૪૪/૨૦૨૬ |
| જજમેન્ટ આંક | ૧૩. |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | જી.પી.એકટ કલમ–૧૩૫ |
| પ્ર.માહિતી અહેવાલ | વિસાવદર પો.સ્ટે.ગુ.ર.ન. ૧૧૨૦૩૦૭૦૨૬૦૧૫૬/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | વિસાવદર પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | સરકારશ્રી/ ફરીયાદી પો.કો. વિક્રમસિંહ ખુમાણભાઈ જુંજીયા, |

| | |
|---|---|
| | વિસાવદર પો.સ્ટે. |
| રજુઆત | વિ.મદદનીશ સરકારી વકીલશ્રી |
| આરોપી પક્ષ | જસ્મીનભાઈ બેચરભાઈ મુંગલપરા,<br>ઉ.વ. ૩૦,ધંધો : ખેતીકામ,<br>રહે.લેરીયા ગામ,<br>તા.વિસાવદર,જી.જુનાગઢ |
| રજુઆત | આરોપી તરફે વિ.વકીલશ્રી<br>કે.બી.જોષી. |

**:: નમુનો–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૫–૦૪–૨૦૨૬ |
| પ્ર. માહિતી અહેવાલની તારીખ | ૦૫–૦૪–૨૦૨૬ |
| આખરી અહેવાલની તારીખ | ૨૩–૦૪–૨૦૨૬ |
| પ્લી નોંધ્યાની તારીખ | ૨૪–૦૬– ૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯–૦૭–૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૮–૦૭–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮–૦૭–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ | –– |

| | |
|---|---|
| પડે તો) | |

## :: આરોપીની વિગત ::

| **આરોપી ક્રમાંક** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** |
|---|---|---|---|
| ૧. | જસ્મીનભાઈ બેચરભાઈ મુંગલપરા | ૦૫/૦૪/૨૦૨૬ | ૦૫/૦૪/૨૦૨૬ |
| **તહોમત** | **શુ નિર્દોષ છોડયા / સજા કરી** | **કરવામા આવેલ સજા** | **સુનાવણી દરમીયાન અટકાયતનો બી. એન.એસ.એસ.ની કલમ – ૪૬૮ મુજબ** |
| જી.પી.એકટની કલમ – ૧૩૫ | નિર્દોષ | -- | -- |

---

## ગુનો : જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

---

## –:: ઠરાવ ::–

## (૧) ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે,

આરોપીએ તા.૦૫/૦૪/૨૦૨૬ નારોજ કલાક ૧૯/૩૦ વાગ્યે જીવનધારા સ્કુલ પાસે સતાધાર રોડ પર જાહેરમાં આરોપીએ પોતાના પેન્ટના નેફામાં એક લોખંડના હાથાવાળી એક સાઈડ ધારવાળી વચ્ચે ફોલ્ટ થઈ શકે તેવી છરી–૧, કિં.રૂા.૨૦/–ની તિક્ષ્ણ હથિયાર રાખી મળી આવી, મ્હે.જીલ્લા મેજી. સાહેબ જુનાગઢના હથીયારબંધી જાહેરનામાનો

ભંગ કરી પકડાઇ ગયા અંગેની ફરિયાદીએ ફરિયાદ આરોપી વિરુદ્ધ આપેલ. જે ફરિયાદીની ફરિયાદ અન્વયે વિસાવદર પોલીસ સ્ટેનશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૩૦૭૦૨૬૦૧૫૬/૨૦૨૬ થી જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટરે લીધેલ તેમજ સદરહું ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય, અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ ઇશ્યું કરતાં, તે સમન્સ આરોપીને બજી જતાં, તે આરોપી તેના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ અને આરોપીને પોલીસ પેપર્સની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરુદ્ધ આંક-૦૪ થી નિવેદન નોંધતા, આરોપી પોતે ગુનો કબુલ ન હોવાનું જણાવતા હોય, આરોપી વિરુદ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૩) ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૬ | ફરીયાદી પો.કો. વિક્રમસિંહ ખુમાણભાઈ જુંજીયાની જુબાની |
| ૨ | ૮ | અટક-રીકવરી પંચનામાના પંચ સાહેદ નં. ૧ ભીખુભાઈ નથુભાઈ ચાવડાની જુબાની |
| ૩ | ૧૦ | અટક-રીકવરી પંચનામાના પંચ સાહેદ નં. ૨ |

| | | |
|---|---|---|
| | | પરેશભાઈ હરીભાઈ પરમારની જુબાની |
| ૪ | ૧૧ | તપાસ કરનાર અધિકારી પો.હેડ કો.સંજયભાઈ નાનુભાઈ વાણીયાની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૭ | અસલ ફરીયાદ |
| ૨ | ૯ | અટક–રીકવરી પંચનામું |
| ૩ | ૧૨ | હથીયારબંધીના જાહેરનામાની નકલ |

**(૪)** આ કામે ફરિયાદ પક્ષ દ્ધારા રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ વિ.પી.પી.શ્રી દ્ધારા ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલ હોવાનું મૌખિક જાહેર કરેલ છે.

**(૪.૧)** આ કામે ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક, દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીને તેમની વિરુદ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ મુખ્યત્વે ફરિયાદીએ ખોટી ફરિયાદ હોવાનું, ખોટો પુરાવો હોવાનું અને પોલીસે ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવે છે. તેમજ આરોપીને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતાં આરોપીએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઇ કહેવા માંગો છો તે અંગે આરોપીને

પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટી ફરિયાદ કરેલ છે.

(૫) આ કામે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની મૌખિક રજૂઆતમાં મુખ્યત્વે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ મુજબની દલીલ કરેલ છે અને આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ છે. તેથી આ કામના આરોપીને કાયદા મુજબની સજા કરવા રજૂઆત કરેલ છે.

(૫.૧) આ કામે બચવા પક્ષના વિ.વ.શ્રીએ મૌખિક રજૂઆતમાં મુખ્યત્વે ફરિયાદ પક્ષના સાહેદોની ઉલટ તપાસમાં રેકર્ડ પર આવેલ વિરોધની હકિકતો તરફ ધ્યાને દોરેલ છે અને ફરિયાદ પક્ષે રજૂ ફરિયાદીનો પુરાવો ખુદ ફરિયાદ હકિકતથી વિપરીત હોવાથી આ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો ધ્યાને લેતા, આ કેસના મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– **<u>મુ દ્દા ઓ</u>** –

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૦૫/૦૪/૨૦૨૬ નારોજ કલાક ૧૯/૩૦ વાગ્યે જીવનધારા સ્કુલ પાસે સતાધાર રોડ પર જાહેરમાં આરોપીએ પોતાના પેન્ટના નેફામાં એક લોખંડના હાથાવાળી એક સાઈડ ધારવાળી વચ્ચે ફોલ્ટ થઈ શકે તેવી છરી–૧, કિં.રૂા.૨૦/–ની તિક્ષ્ણ હથિયાર રાખી મળી આવી, મ્હે.જીલ્લા મેજી. સાહેબ જુનાગઢના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી પકડાઇ જઇ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું આખરી હુકમ ?

(૬.૧) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) “નકારમાં"

(૨) “આખરી હુકમ મુજબ"

– <u>**કા ર ણો**</u> –

<u>**મુદ્દા નં. ૧**</u> –

**(૭)** આ કામે મુદ્દા નં. ૧ પરત્વે બંન્ને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો તથા ફરિયાદ પક્ષે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે ફરિયાદ પક્ષે **આંક–૦૬** થી ફરીયાદી **પો. કો.વિક્રમસિંહ ખુમાણભાઈ જુંજીયા ને** તપાસવામાં આવેલ છે. આ સાહેદ આ કામના ફરિયાદી છે અને બનાવ અંગે તેઓએ તેમની આંક–૦૭ વાળી ફરિયાદ હકિકતને સમર્થન કરેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, પંચો રૂબરૂ હાલના આરોપીના પેન્ટના નેફામાં એક લોખંડના હાથાવાળી એક સાઈડ ધારવાળી વચ્ચે ફોલ્ટ થઈ શકે તેવી છરી–૧, કિં.રૂા.૨૦/–ની તિક્ષ્ણ હથિયાર રાખી મળી આવેલ, જે બીનજરૂરી રાખી જાહેરમા ભય ફેલાય તે રીતે છરી ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબની હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરેલ હોવાનું જણાવેલ છે.જે અંગેની તેઓએ ફરિયાદ જાહેર કરેલ અને આગળ ની તપાસ પો.હેડ કો. એસ. એન.વાણીયાનાઓને સોંપેલાનું જણાવેલ છે.

**(૭.૧)** જ્યારે બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે,એ વાત ખરી નથી કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.એ વાત ખરી નથી કે,આરોપીને સ્થળ પરથી અટક કરવામાં આવેલ નથી કે તેની પાસેથી કોઈ મુદ્દામાલ હથિયાર કબજે કરવામાં આવેલ

નથી.

(૮) વધુમાં **આંક–૦૯** વાળા આરોપીને અટક–રીકવરી કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ **ભીખુભાઈ નથુભાઈ ચાવડા**ને **આંક–૦૮** થી તથા પંચ સાહેદ **પરેશભાઈ હરીભાઈ પરમાર**ને **આંક–૧૦** થી સોગંદ ઉપર તપાસેલ છે, જેઓ પોતાની જુબાનીમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય સદરહું પંચ સાહેદ પોલીસે લખેલ કાગળમા સહી કરવાનુ કહેતા સહી કરી આપેલાનુ જણાવેલ છે. સદરહું પંચ સાહેદ પંચનામાની મહત્વની કોઇ હકિકતોને સમર્થન આપેલ નથી

(૮.૧) ત્યારબાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ પંચ સાહેદે મુખ્યત્વે એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી લીધેલી.આ સીવાય પંચનામાં ની વિગતે તેઓ કાંઇ જાણતા નથી.

(૯) આ કામે ફરિયાદ પક્ષે **આંક–૧૧** થી તપાસ કરનાર અધિકારી **પો.હેડ કો.સંજયભાઈ નાનુભાઈ વાણીયા** ને તપાસવામાં આવેલ છે. આ સાહેદ આ કામના તપાસ કરતા અમલદાર છે અને બનાવ અંગે તેઓએ ફરિયાદ હકિકતને સમર્થન કરેલ છે અને બનાવ સમયે જિલ્લા મેજી.શ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમાં હોય જેની નકલ આંક–૧૨ થી રજૂ રાખેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપી વિરુદ્ધનો ગુનો રજીસ્ટર થઇ આગળની તપાસ તેઓને મળતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

(૯.૧) જ્યારે બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી નથી કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.એ વાત ખરી નથી કે,આરોપીને સ્થળ પરથી અટક કરવામાં આવેલ

નથી કે તેની પાસેથી કોઈ મુદ્દામાલ હથિયાર કબજે કરવામાં આવેલ નથી.

(૧૦) આમ, ફરિયાદપક્ષના ઉપરોક્ત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ ગુનાના કામે પંચનામું પહેલા કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે પરંતુ ફરિયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી અને શા માટે જણાવવામાં આવેલ નથી તે અંગે કોઈ સચોટ કારણ ફરિયાદપક્ષ દ્વારા જણાવવામાં આવેલ નથી.વધુમાં બનાવવાળી જગ્યા એક જાહેર સ્થાનિક જગ્યા છે અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે છતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો તપાસના કામે લેવામાં આવેલ હોય તેવું જણાય આવતું નથી. આમ, ફરિયાદપક્ષના કેસમાં બનાવવાળી જગ્યાની આજુબાજુના સ્વતંત્ર સાક્ષીના પુરાવોનો રેકર્ડ ઉપર અભાવ જોવા મળે છે. આમ, આ કામના આરોપીએ બનાવ તારીખે, સમયે આરોપીએ જાહેરમાં રોડ ઉપર ગેરકાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબજામાં આરોપી પાસેથી આરોપીના પેન્ટના નેફામાં એક લોખંડના હાથાવાળી એક સાઈડ ધારવાળી વચ્ચે ફોલ્ટ થઈ શકે તેવી છરી -૧, કિં.રૂ.૨૦/-નો ધારણ કરી, પકડાઈ જઈ, મ્હે. જિલ્લા મેજી. સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી, જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાના આવશ્યક તત્વો ફરિયાદ પક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોક્ત વિગતવારની ચર્ચાના અંતે **મુદ્દા નં. ૧** નો નિર્ણય "નકારમાં" ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## - <u>આ ખ રી હુ ક મ</u> -

(૧) આ કામના આરોપી **જસ્મીનભાઈ બેચરભાઈ મુંગલપરા,** ઉ.વ.૩૦, ધંધો:ખેતીકામ, રહે.લેરીયા ગામ, તા.વિસાવદર, જી.જુનાગઢ વાળા નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧)

અન્વયે જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરેલ મુદ્દામાલનો એક લોખંડના હાથાવાળી છરીનું અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

(૩) બી.એન.એસ.એસ. ની કલમ– ૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી પાસે જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫,૦૦૦/– ના નવા જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૮ મી માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વિસાવદર.
તા.૧૮/૦૭/ ૨૦૨૬

**( ભાવિક હિતેનભાઇ ભટ્ટ )**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
વિસાવદર.
જજ કોડ – જીજે૦૧૫૨૨